# શેતૂર



લેખનું ટાઈટ વાંચીને કદાચ સ્પાર્ક થયાની લાગણી થાય. કારણ કે શેતૂર હાલ સુલભ નથી. અમુક વર્ષો પહેલાં એવું બનતું કે સીઝનમાં શેતૂર ખવાતા. અત્યારે એવું છે કે કોઈ શેતૂર ખાતું હોયતો તેનો ફોટો પાડી લોકો ફેસબુક પર મુકે છે અને નીચે કોમેન્ટમાં ઘણા લોકો લખે કે આ શું છે? આનો સ્વાદ કેવો હોય?... વગેરે વગેરે... ટૂંકમાં એવા ઘણા લોકો છે (ખાસ કરીને યંગ જનરેશનમાં) જેઓએ શેતૂરનો સ્વાદ ચાખ્યો નથી કે તેને જોયા નથી તો આજે શેતૂર વિશે થોડી માહિતી મેળવીએ.



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

ભારતમાં સર્વત્ર થતા શેતૂર બાગાયતીમાં વવાય છે. તેને માર્ચ-એપ્રિલમાં નવા પાન આવે છે અને મે-જૂનમાં તેના પર શેતૂર આવે છે. અણુક શેતૂરી (કાળી અને રાતી) ચોમાસામાં પણ બેસે છે. જો બાગાયતી કરી હોય તો વાવ્યા બાદ પાંચ-છ વર્ષમાં સેતૂરીમાં ફળ આવવા લાગે છે. શેતૂરમાં ત્રણ જાત થાય છે. કાળી, ધોળી અને રાતી. કાળી અને સફેદ શેતૂરી રેશમના કીડાઓ ઉછેરવા માટે ઉપયોગી છે. શેતૂરીને નદી કાંઠાની - કાપવાળી ગોરાડુ જમીન માફક આવે છે. તેની પાન ત્રણ-ત્રણ કાંગરીવાળા અને લીમડાના પાનની જેમ કરકરીવાળા હોય છે. ફૂલ નાના-ગુચ્છાદાર અને લીલાશ પડતા હોય છે. આમ, જોઈએ તો શેતૂરને ફળ કહેવા કે નહિં એ પણ પ્રશ્ન છે કારણ કે શેતૂર એ ફૂલના ગુચ્છામાંથી બનેલો માવા સાથેનો બીજનો સમૂહ છે.



શેતૂર રસાવાળા, ચીકણા અને કોમળ હોય છે. પાકા શેતૂર ખૂબ મીઠા લાગે છે. તેનું શરબત પણ બને છે. શેતૂરનું શરબત લૂ સામે રક્ષણ આપે છે. શેતૂરના બી કબજીયાત માટે સારા છે. ઉપરાંત શેતૂર અગ્નિપ્રદિપક, કૃમિ મટાડનાર, ઉનવા-દાહ, એસિડીટી મટાડનાર છે. કાચા શેતૂર શરીરમાં પચવામાં ભારે છે આથી તેનો ઉપયોગ ટાળવો જોઈએ.




શેતૂરનું લાકડું ખૂબ મજબૂત હોય છે. તેની પાતળી ડાળીઓ પણ એટલી મજબૂત હોય છે કે ઝટ દઈને તૂટતી નથી. બકરી- ગાય - ભેંસના ચારા માટે શેતૂરીના પાનનો ઉપયોગ થાય છે. શેતૂરીના લાકડાને ઓજારો, સાધનો બનાવવામાં પણ ઉપયોગ થાય છે. શેતૂરનું લાકડું પવિત્ર માનવામાં આવ્યું છે અને યજ્ઞના સમિધ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે.શેતૂરના લાકડાને વિપ્રકાષ્ટ-બ્રહ્મકાષ્ઠ-બ્રહ્મદાર આદિ નામો અપાયા છે. જે તેનું ધાર્મિક મહત્ત્વ સૂચવે છે.

શેતૂરના પાનને ઉકાળીને કોગળા કરવાથી મોંમાં ચાંદા પડ્યા હોય છે તે મટે છે. ઉપરાંત શેતૂરના છાલનો ઉકાળો બાળકોમાં કૃમિ નાશ કરે છે. કૃમિ માટે શેતૂરની છાલનો ઉકાળો ખૂબ અસરકારક છે. ચામડીના રોગોમાં પણ શેતૂર લાભદાયક છે. આ ઉપરાંત શેતૂર સાથે ગોખરું-શતાવરી-પ્રવાલભશ્મ - મોતિભશ્મ - આમળા આદિ મિક્સ કરી લેવાથી ગરમીમાં રાહત મળે છે. હૃદયની નબળાઈ દૂર થાય છે તેમજ શરીરમાં ઠંડક મળે છે.

- drkedarju@gmail.com

# છોટા રાજન અને 'બડા ભાઈજાન'

## તંત્રીસ્થાનેથી....

ઈન્ડોનેશિયાના બાલી એરપોર્ટ પર ઈન્ટરપોલ દ્વારા મુંબઈની અંધારી આલમના બેતાજ બાદશાહ ગણાતા છોટા રાજનની ધરપકડ એ વર્તમાન સરકારની એક સીમાચિહ્ન સમી કામગીરી છે. છોટા રાજનના હુલામણા નામે ઓળખાતો આ નામીચો બૂટલેગર જન્મે 'મરાઠી માણૂસ' છે અને હિંદુ છે. મુંબઈ પર એક સમયે એનું એક છત્રી રાજ ચાલતું હતું. દાઉદના ડાબા-જમણા હાથ ગણાતા છોટા શકીલ અને છોટા રાજનનું નામ પડતાં ભલભલા ચમરબંધીઓનો પેશાબ છૂટી જતો. મુંબઈ દેશની આર્થિક રાજધાની છે અને દુનિયા આથી હિંદુસ્તાન સાથે મુંબઈના માધ્યમથી જ જોડાયેલી છે, તે સર્વવિદિત છે. પરંતુ મુંબઈના રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ કે બોલીવુડના માંધાતાઓ - એ બધાનું સીધું કે આડકતરું કનેકશન ત્યાંની નામચીન અંધારી આલમ સાથે રહેતું આવ્યું છે. મુંબઈમાં એમની સમાંતર સત્તા ચાલતી રહી છે, જેને નિયંત્રિત કરવાના સરકારી પ્રયાસો મહદંશે નિષ્ફળ જ રહ્યા છે. અલબત્ત, ૧૯૯૩ના યાદગાર ટ્રેન બોમ્બ ધડાકાઓ પછી મુંબઈના અંધારી આલમના 'ડૉન' દાઉદ ઈબ્રાહિમ અને છોટા રાજન વચ્ચે એક મતભેદ સરજાયો કે બેઉ એકમેકના જાની દુશ્મનો બની ગયા. દાઉદ પાકિસ્તાન છટકી ગયો અને છોટા રાજનની આગવી ગેંગ દાઉદની ગેંગ સામે મેદાનમાં ઊતરી. બેઉ ડૉન એકમેકનો ખાત્મો કરવાની પેરવી કરતા રહ્યા. એમાં દેશની જાસૂસી એજન્સીઓને પણ રસ હતો. બેઉએ કરેલાં કુકર્મોની યાદી ઘણી લાંબી છે અને એટલા પાવરફુલ હતા કે એ પોલીસના સકંજામાં આવતા નહોતા. કદાચ પોલીસતંત્રને પણ એમની બીક લાગતી હતી અને એમની સાથે મીઠા સંબંધો જાળવવામાં જ પોતાની સલામતી લાગતી હતી. કેન્દ્રની જાસૂસી સંસ્થાઓ બેઉ ડૉન એકમેકને પતાવે, એવી યોજનાનું સમર્થન કરતી રહી છે; તેથી મહારાષ્ટ્ર પોલીસની દાઉદ અને છોટા રાજન વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ બહાર પડાવવાની બાબતથી આખો પ્લાન ઠપ થઈ ગયો છે. દાઉદનો લોહીનો તરસ્યો અને એની ઝીણામાં ઝીણી વિગતોનો જાણકાર છોટા રાજન છેલ્લાં કેટલાંક વરસ દરમિયાન એકલો અટૂલો પડી ગયો હતો. એની ગેંગ વીખરાઈ ગઈ હતી એટલે એના આડાઅવળા ધંધા પણ બંધ નહીં તો ક્ષીણ જરુર થઈ ગયા હતા. એ ઑસ્ટ્રેલિયામાં નામ બદલીને રહેતો હતો. આખરે સરકારે એના પર દબાણ વધાર્યું અને ઈન્ટરપોલની મદદથી એને ઝબ્બે કરવામાં સફળતા મેળવી છે, પરંતુ એથી દાઉદ સામેનું સક્રિય પરિબળ હવે જેલમાં પુરાઈ જવાનું છે. સરકાર એના પકડાવવાથી પોતાની પીઠ છાબડે છે અને પ્રજામાં પણ મોદી સરકારની વાહ વાહ થવાની, પણ ખરો દુશ્મન તો પાકિસ્તાનના સંરક્ષણ હેઠળ કરાંચીમાં મોજ કરે છે. દાઉદ પર સકંજો કસવામાં છોટા રાજનની ધરપકડ કેટલી ઉપયોગી નીવડશે એ તો સમય જ કહેશે. ઈન્ડોનેશિયાની પોલીસ ભારતના ગુનેગારને મુંબઈ પોલીસને સોંપી દેવાની તૈયારી રાખી છે, એટલે હવે છોટા રાજન સરકારના જમાઈની જેમ મુંબઈની આર્થર રોડ જેલમાં બિરયાની ખાઈને આરામથી સજાની રાહ જોશે!

# ગાંધીનગર જિલ્લાની લોકકથાઓ

## વાચકોની કોલમ

ગાંધીનગર જિલ્લો મહેસાણા અને સાહરકાંઠા જિલ્લાના માત્ર ચાર જ તાલુકાઓથી બનેલો નાનો જિલ્લો છે. જિલ્લો નવો જ બન્યો છે. પણ આ જિલ્લાની વીરભૂમિએ કેટલાક શૂરવીરો, સતીઓ, બહારવટીયાઓ અને ચમત્કારી સ્ત્રી-પુરુષોને જન્મ આપ્યો છે. તેમની કેટલીક ચરિત્રકથાઓ લોક સ્મૃતિમાં સચવાયેલી પડી છે.

કોલવડા ગામની એક બ્રાહ્મણ કુમારિકાને આજન્મ બ્રહ્મચારિણી રહીને ઈશ્વર ભક્તિ કરવાની ઈચ્છા હતી પરંતુ મા-બાપ અને કુટુંબના વડીલોના આગ્રહને વશ થઈને લગ્ન કરવું પડ્યું. વહેલમાં બેસીને સાસરે જતાં, ગામની ભાગોળે વડના ઝાડ પાસે જાન રોકાઈ. એ વખતે નવપરિણીતાને દેહત્યાગ કર્યો અને તે ફૂલનો ઢગલો થઈને પડી. આ જગ્યાએ દહેરી બનાવીને લોકો માતાની પૂજા કરવા લાગ્યા અને માનતાઓ રાખવા લાગ્યા. ગામની ભાગોળે આવેલી દહેરી 'લાલભાઈ માતા' અથવા 'લાલ મા' ની દહેરી તરીકે ઓખળાખ છે.

લીંબોદરા ગામનાં એક વખતે લૂંટારા લૂંટ કરવા આવ્યા. ગામના નવ જુવાનો તેમની સામે ધસી ગયા. મોટું ધીંગાણું થયું. ગામનો એક જુવાન ઘાયલ થયો તે જોઈને તેની બહેનને શૂરાતન ચડ્યું. પોતે તાજી પ્રસૂતા હતી, છતાં પણ પુરુષવેશ ધારણ કરીને હાથમાં તલવાર લઈને દુશ્મનો પર તૂટી પડી અને ભગાડ્યા. પોતે ઘાયલ થઈને વીરગતિ પામી, આજે એ વીરાંગનાની દહેરી તેની બહાદુરીની પ્રતીકરુપે ઊભી છે.

કલોલ તાલુકાનો ઠાકોર કોમનો એક વીર પુરુષ થઈ ગયો. તે 'અજુ ભોણયિયો' એ નામની પ્રખ્યાત હતો. રાજકીય અંધાધૂંધીના સમયમાં, જયારે લોકોના જાનમાલની સલામતી ન હતી, એ વખતે તે વળાવિયા તરીકે કામ કરતો હતો. અમદાવાદથી મહેસાણા, સિદ્ધપુર થઈ છેક પાલનપુર ડીસા સુધી તેની હાક વાગતી. એનું રખોપું હોય ત્યારે કોઈની તાકાત ન હતી કે વેપારીના માલ-સામાનને હાથ લગાડે. એની પ્રત્યક્ષ હાજરી ન હોય ત્યારે વેપારીઓ એનું તીર માથે, લઈને જતાં અને અજુના રખોપાની યાદ અપાવતા. કોઈ લૂંટારો માલ લૂંટવાની હિંમત ન કરે, એક વખતે એક બ્રાહ્મણ અજુનું તીર લઈને નીકળ્યો. સિદ્ધપુર નજીકથી તે પસાર થતો હતો ત્યારે લૂંટારાઓએ એની સોનાની કંઠી લૂંટી લીધી. અજુને ખબર પડી એટલે તેણે બ્રાહ્મણને કંઠીની કિંમત ચૂકવી આપી. કારણ આ તેની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. પછી અજુએ લૂંટારાઓની તપાસ રાખવા સિદ્ધપુરની સીમામાં પડાવ નાખ્યો. છેવટે લૂંટારા લાગમાં આવી ગયા એટલે એમને પકડીને તેમના માથા કાપી ઝાડ પર લટકાવી દીધા. ગામમાં વડીલો આજે પણ અજુ ભોયણિયાની બહાદુરીની પ્રશંસા કરે છે.

મોટી આદરજ ગામે મૂળજી ખાંટ નામે એક શૂરવીર થઈ ગયો. એની સામે અનેક રૂપાળી કન્યાઓ લગ્ન કરવા આતુર હતી. આવી એક અતિ સૌંદર્યવતી કન્યા, મૂળજીને પરણવા તેને મળવા આવી. મૂળજીએ ભૂલથી તેને 'બહેન' તરીકે સંબોધી. પછી તો તેને પોતાની ભૂલ સમજાઈ પણ શું થાય? બંને આ જન્મ કુંવારા રહ્યાં વર્ષો સુધી ભાઈ-બહેનના સંબંધ જળવાઈ રહ્યો. આ જન્મ કુવારિકા રહેલી રાજપૂત યુવતીની 'ગોહિલાણીની દહેરી' આજે પણ મોટી આદરજ ગામના સીમાડે આવેલી છે.

કલોલ ગામની પશ્ચિમ દિશાએ પાવઠીના તળાવની નજીક સતીમાની દહેરી આવેલી છે. બારોટ જ્ઞાતિની એક સ્ત્રી પતિ પાછળ સતી બની. તેની આ દહેરી છે. ચિતામાં તેનો દેહ બળીને ભષ્મ થઈ ગયો, પરંતુ તેણે પહેરેલી રેશમી સાડી અકબંધ પાટલી સાથે ચિતામાંથી બળ્યા વિનાની મળી હતી. આજે પણ સતીમાના વારસદારો દહેરીને પૂજયભાવથી જાળવે છે. એ સાડી પણ મૂળ સ્વરુપે સાચવીને રાખી છે.

સૂરજ ગામની સીમમાં એક સુથાર યુવતીને કેટલાક લૂંટારાઓ લૂંટી લીધી. બાઈની ચીસો સાંભળીને ગામનો ગરાસિયો સાલુજી જીતાજી ડાભી હથિયાર સજીને, ઘોડે ચડીને યુવતીની વહારે ચડ્યો. લૂંટારુઓ એક બે નહિ પણ અઢાર હતા. છતાં પણ એકલા હાથે તેણે લૂંટારુંઓને પડકાર્યા અને તેમની પાસેથી ઘરેણા પાછા મેળવ્યા. તેના શરીર પર પુષ્કળ ઘા પડવાથી શરીર ચારળી જેવું થઈ ગયેલું લોહીથી લથબથ થઈ ગયેલા શરીરે ઝઝૂમતો રહ્યો છેવટે વીરગતિ પામ્યો. આજે પણ રાજપૂતના વીરત્વની નિશાનીરુપે પાળિયો ગામની ભાગોળે ઊભો છે.

અમદાવાદના બાદશાહના કેટલાક માણસોએ કડી તાલુકાના લ્હોર ગામની કુંભાર કન્યા જે સીમમાંથી પસાર થતી હતી તેનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો. આ કન્યાએ ચીસાચીસ કરી સીમાડો ગજવી મૂક્યો. તે વખતે ગામની બારોટ જ્ઞાતિની એક બાઈએ હાથમાં જે હથિયાર આવ્યું એ લઈને કન્યાના શિયળનું રક્ષણ કરવા દોડી. ઝપાઝપીમાં પેલી કુંભાર કન્યા નાસી છૂટી પરંતુ આ બાઈએ લડતાં લડતાં પ્રાણ ગુમાવ્યા. આજે પણ આ વીરાંગનાની દહેરી શૌર્યગાથાનું પ્રતિક છે.

લોકમુખે ચર્ચાયેલી વાર્તા પ્રમાણે ગાંધીનગરમાં સચિવાલયના ભવનોની વચ્ચે જયાં વિધાનસભાનું ભવન છે ત્યાં એક કુવો હતો. આ કુવામાં સારું એવું પાણી હતું. બે બે પિયાવા ચાલે તો પણ પાણી ખૂંટતું ન હતું. આજુબાજુની પિયતની જમીન હતી. ગાંધીનગર શહેર બનાવવા સાત જેટલા ગામ ખાલી કરાયા. આજુબાજુના ગામડાઓમાં ઠાકોર કોમની વસતી હતી. જમીન ફળદ્રુપ ન હતી. પાણીની અછતના કારણે એક માત્ર ચોમાસાની સીઝનમાં જે કંઈ પાક થાય તે સિવાય આવકના કોઈ સ્ત્રોત ન હતા. આ સિમાડાઓમાં દારુ ગાળવાનો ધંધો મોટા પ્રમાણમાં હતો. આર્થિક સંકળામણ, ગરીબી અને રોજગારી નહીં હોવાથી ચોર-લૂંટારાઓ આજુબાજુના ગામમાં લૂંટફાટ કરતાં. આ લૂંટારુઓની ટોકળી પેલા કુવા કાંઠે પાણી પીવાના બહાને બેસીને લૂંટમાં લાવેલા માલની ભાગ-બટાઈ કરતા. વાસ્તવિકતા એની એ જ છે. કદાચ સ્વરુપ બદલાયા હશે. આજે પણ આ સીમાડાઓમાં દારુના અડ્ડા અને ભાગ-બટાઈ ચાલી રહી છે.

ગાંધીનગર જિલ્લા લોક કથાઓનું પ્રકરણ લુપ્ત થાય એ પહેલાં ઈતિહાસને પુનઃસ્મરણ કરી લઈએ. સંસ્કૃતિ-ઈતિહાસ સાથે સંકળાયેલી છે. લુપ્ત થતો વારસો જળવાશે તો ભાવિ પેઢી ઉજાગર કરી શકશે.

- (શાન્તિભાઈ બી. પટેલ)

# ગરવી ગુજરાતણો ગરબા રમવામાં જેટલી કુશળ હોય છે એટલી જ કાર્યદક્ષ ગૃહકાર્યમાં પણ હોય છે, સૌ પહેલાં છાંપા-પુસ્તકોની પસ્તીનો નિકાલ કરે છે

## પસ્તીનું પારાયણ



## મનના ઉમંગો

રણછોડ પરમાર

નવરાત્રી ગઈ અને સીધો મતલબ એ થાય કે હવે દિવાળી ઢૂંકડી આવી ગઈ! ધ્યાનથી સાંભળો તો એના પડઘમ પણ સાંભળવા મળે. નવરાત્રીમાં મન ભરીને ગરબા ગાનારા તો એમ કહેવાના. 'ભાઈઓ, બેચાર દહાડા શાંતિથી ઊંઘવા દો, પછી તમે જ કામ ચીંધશો બધુંય કરી આપીશું.' પરંતુ કામગીરી સ્ત્રીઓ એમ વાટ જોઈને થોડી બેસી રહે? અરે ઘણી મહિલાઓ તો નોરતાના દિવસોમાં જ ધાબે ગોદડાં ગોદડી-ચાદર તપાવવાના ચાલુ કરી દે છે. એમના સારા નસીબે આ વરસે વાદળોએ કયારનાય ગાંસડા-પોટકાં બાંધીને આકાશમાંથી વિદાય લઈ લીધી છે. છેલ્લા વરસાદ પછી તડકો પૂરા પ્રેમથી આ ગૃહિણીઓના ગોદડાં-ઓશીકાં તપાવવાનું કામ હાથમાં લઈને બેઠો છે. દિવસે પ્રખર પ્રતાપી સૂર્ય અને રાતે શરદનો શીતળ ચંદ્ર એમને સોંપાયેલી કામગીરી પૂરી નિષ્ઠાથી સંભાળી રહ્યા છે. મોટા શહેરોમાં ડેન્ગ્યુનો જોર બતાવવા માંડ્યુ છે. આટલો તાપ પડયો હોવા છતાં નાનકડાં શુદ્ર જંતુઓ પોતાને સર્વશક્તિમાન ગણતા મનુષ્યો સામે સહેજે નમતું જોખતાં નથી. ગયા વરસે ગાંધીજયંતી નિમિત્તે જોરશોરથી ગાજેલું સ્વચ્છતા અભિયાન આ વખતે કોરાણે મુકાઈ ગયું એમ લાગે છે. નગરપાલિકાઓ પાણીના કકળાટમાં ફસાઈ છે ચોમાસા વખતે (ખેવળ ત્રણવાર વરસાદ પડ્યો છે છતાં એને ચોમાસું કહેવું પડે છે!) નગરના રસ્તા પર પડેલા ભૂવા-પૂરવાનું કશું ઠેકાણું પડતું નથી. ગુજરાતમાં ચાલુ થયેલા પાટીદારોના અનામત આંદોલને રાજય સરકારને અને નગરપાલિકાઓને મુંઝવણમાં એવી મૂકી છે કે પ્રજાની ખરેખરી જરૂરિયાતની કશી કામગીરી થતી નથી. રાજય સરકારના ભલે ગમે તેટલા ખોંખારાવાળા દાવા હોય પણ પ્રજાને કોઈ કામગીરી થતી હોય એવું દેખાતું નથી.

સરકારે કે સુધરાઈઓ કામગીરી કરે કે ના કરે પ્રજાએ તો પોતાના ઘરની સાફસૂફી શરુ કરવી જ પડે છે. ગરવી ગુજરાતણો ગરબા રમવામાં જેટલી કુશળ હોય છે એટલી જ કાર્યદક્ષ ગૃહકાર્યમાં પણ હોય છે. સૌ પહેલાં છાંપા-પુસ્તકોની પસ્તીનો નિકાલ કરે છે. પછી ઘરમાં લાંબા સમયથી પડી રહેલી ચીજવસ્તુઓનો વારો આવે છે. હવે કોઈ ટીવી, ફ્રીજ, ટેપરેકોર્ડર, કબાટ, તિજોરી, ખુરશી, ટીપોઈ, સાઈકલ, લ્યુના બગડ્યા પછી રીપેર કરાવતા નથી. રેડિયો દેશના કયા ખૂણામાં વાગતો હશે એની કોઈને ખબર નથી. તેમ છતાં ભારત ભાગ્ય વિધાતાના મનમાં જે વાત કદીએ પ્રગટવાની સંભાવના નથી એવી વાતો નાના ભૂલકાંઓને સાંભળવા માટે મજબૂર કરવામાં આવે છે. પહેલાંના સમયમાં શાકની લારીવાળા લારી પર બેઠા બેઠા ટ્રાન્ઝીસ્ટર સાંભળતા હતા તે દશ્ય દુર્લભ બન્યું છે.



ટીવી અને ફ્રીજ જેવી વસ્તુઓ ભંગારમાં આપી દેવામાં આવે છે. બે દિવસ પહેલાં એક લારીમાં મેં પાંચસાત મોટા મોટા ફોટાઓ ભંગારમાં પ્રાપ્ત થયેલા જોતા હતા. તેમાં સૌથી ઉપર લક્ષ્મી માતાની છબી હતી.

ગાંધીનગરમાં એક વસ્તુ આપના ધ્યાન પર જરુર આવી હશે. આ નગરમાં સૌથી વધારે ફેરીવાળા છાપાની પસ્તી અને ભંગાર ખરીદનારા જોવા મળે છે. લગભગ દર પાંચ મિનિટે એકાદ લારીવાળો અચૂક 'પેપર પસ્તી' ની બૂમ પાડતો નીકળે છે. પાટનગરના દરેક ઘરમાં ભાગ્યે જ કોઈ ઘર એવું હશે જયાં એક વર્તમાનપત્ર આવતું ના હોય. કેટલા ઘરમાં વંચાતું હશે એ વળી સંશોધનનો વિષય છે. ઘણા ઘરમાં બેથી ત્રણ છાપા પણ આવતા હશે. વર્ગ-૧ ના અધિકારીઓ તો સરકારી ખર્ચો પાડવાનો હોવાથી એ લોકો ગુજરાતી/અંગ્રેજી છાપા ઉપરાંત જેનું નામ પણ ના સાંભળ્યું હોય તેવા મેગેઝીન વિના હિચકિચાટ મંગાવતા રહે છે. હું એક નિવૃત્ત સેકશન અધિકારી ત્રણ છાપા કોઈ ભારે આર્થિક બોજ વગર ખરીદી શકું છું. તો સિત્તેર હજારના પગારદારો શું બે છાપાં પોતાના ખર્ચે ના વાંચી શકે? પણ પાતુમ્માની બકરીની જેમ બધા સરકારી ગાયો દોહવામાં પડ્યા છે. અધિકારીઓ આ પ્રકારે અખબાર ખરીદવામાં પાછા પડતા નથી તો તેમની મહિલાઓ પસ્તી કાઢવામાં શા માટે ખચકાય? એમને કયાં માલવપતિ મુંજની જેમ સરસ્વતીનો વિચાર કરવાનો હોય છે? વાચનપ્રિય લોકોના ઘરમાં વળી સાવ જુદો માહોલ ઊભો થાય છે. ત્યાં છાપાના કંટીગો, શિષ્ટ મેગેઝીનો અને પુસ્તકોના ખડકલા વધતા જાય છે. એમની અરસિક માનુનિઓ પસ્તી ભાળતાં જ પરેશાન થઈ જાય છે. પરંતુ આજે આપણે એવી કોઈ મહિલાની વાત કરવી નથી. એક સુશિક્ષિત અને આધુનિક વિચારસરણી ધરાવતી નારી જૂની ઘરવખરીની વસ્તુઓ આમતેમ ગોઠવતાં, તપાસતાં એકાએક પોતાના ચિત્તમાં નજર નાખે છે ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાય છે. તે દર્શાવતું એક સુંદર કાવ્ય આપણા સુપ્રસિદ્ધ કવિયક્ષી પન્ના નાયકે રચ્યું છે તે ધ્યાનથી વાંચો, વિચારો અને નક્કી કરો કે આ કાવ્ય તમારું પોતાનું તો નથી ને?

*દીવાનખાનામાં*

**દીવાનખાનાને**
**વ્યવસ્થિત કરું છું**
**ઘડી અહીં, ઘડી તહીં**
**વિવિધ ફેરફારથી -**
**વસ્તુનું મન પૂછી પૂછી**
**ગોઠવણી કરું છું**
**સોફા અને લેમ્પને નવું સ્થાન આપ્યું**
**બારીના પડદા બદલી કાઢ્યા**
**જૂના ગાલીચાની જગ્યાએ**
**wall to wall કારપેટ નખાવી દીધી.**
**સુશોભને પ્રસન્ન થાય છે દીવાનખાનું**
**સઘળું બરાબર થાય છે ત્યારે જ**
**છટકે છે મારું મન -**
**આ બધામાં મને કયાં ગોઠવું?**
**કેન્દ્ર શોધું છું,**
**જયાં હું સરખું બેસી શકું...**
**- પણ બારી કનેથી રસ્તે નિહાળતી**
**હું ઊભી જ રહું છું.**

**- પન્ના નાયક**

# તારી ઘડિયાળ મને કહ્યા કરે છે કે આપણને પ્રેમ કરવાની પણ ફુરસદ નથી

**જિંદગીના રસને પીવામાં જલદી કરો મરીઝ;**
**એક તો ઓછી મદિરાને ગળતું જામ છે!**

**- મરીઝ**



## લાગણીનો મેળો

રસિક વાળંદ

મારા એક સન્મિત્ર ને અવારનવાર જીવનબોધ સંભળાવું છું... મારી વાત સહૃદયતાથી સંભાળે છે ખરા પ...ણ સાવ નિર્લેપભાવે મહદંશે એમનો પ્રતિભાવ કાં'તો ''નકાર'' હોય કાં'તો ''ચાલશે'' માં...

બસ ગતાનુગતિક જીવી જવાની માનસિકતા...... મોટે ભાગે તો આજે "eat, drink and be merry" - ''ખાઓ પીઓ અને મજા કરો'' આ જ જીવન..... આવી વિચારધારા વ્યાપક બની છે. મારું જીવન મારા માટે તો ખરું જ પણ બીજા માટે પણ છે - આવો વિચાર કડી સ્ફૂરતો જ નથી. ઘરેડબદ્ધ જીવી જવું એ જ એનું અંતિમ... ભોગકાંક્ષી માનવનું મગજ વિકસ્યું તો ખરું પણ હૈયું સાવ ઠીંગરાઈ ગયું!!

આપણે આસપાસ નજર કરીશું તો મોટે ભાગે પ્રત્યેકમાં ''મારે શું?'' અને ''મારું શું?'' આ ભાવના ઉત્તરોત્તર બળવત્તર બનતી જણાય છે. આવા દૃષ્ટિકોણે માણસને નર્યો સ્વાર્થાંધ ને એકાકીબનાવ્યી છે. પોતાની જાતમાં સીમિત થઈ જવું એ તો પશુતા કહેવાય... માણસ તો એક સામાજિક પ્રાણી છે... બીજાનો સ્વીકાર એ જ એનો વિકાસ છે... અન્યોન્યની ન્યૂનતા પૂરીને આ સૃષ્ટિની શોભા વધારવાનું અલિખિત કર્તવ્ય પ્રભુએ સોંપ્યું છે... એટલે જ જાગૃતિનું બીજું નામ છે જીવન... ઉઘાડી આંખે જીવવાનું... પૂરી સભાનતાથી જીવવું એટલે જ જાગૃતિ... તળપદી બોલીમાં કહેવાય છે ને કે ''જાગતાની પાડી ને ઊંઘતાનો પાડો'' જાગ્રત વ્યક્તિ જ કઈ મેળવી શકે છે... ઘણા જીવન તો માત્ર તંદ્રાવસ્થામાં જ પૂરા થઈ જતા હોય છે... આપણને મળેલું આ અમૂલ્ય જીવન એ તો પ્રભુની ઉત્તમ દેણગી છે. પ્રભુની ભેટ છે. નિરપેક્ષ ભાવે પ્રેમપૂર્વક અપાય તે ભેટ... પ્રિયજને આપેલી ભેટને આપણે પ્રેમપૂર્વક કેવી સાચવીએ છીએ!! બસ, એ જ દ્રષ્ટિકોણથી જીવનને વધાવીએ તો ય ઘણું...

મિત્રો, ક્રિકેટની રમતમાં રણ કર્યા વગર અણનમ રહેનાર ખેલાડી કરતાં ઓછા દડામાં વધુ રન કરનાર ખેલાડી જ "man of the match" નો શિરપાવ મેળવી પ્રશંસાને પ્રીતિપાત્ર બને છે... આવું જ કઈક જીવનના બારામાં છે. ઓછા વર્ષોમાં ચિરંજીવી કર્તવ્યની અમીટછાપ મૂકી જવાનું વિચારીએ...

જન્મથી મૃત્યુ સુધીની સફરને આપણે આયુષ્ય કહીએ છીએ. આયુષ્ય લાંબુ પણ હોય ને ટૂંકુ પણ હોય. આશીર્વાદ તો ''શતાયુ ભવઃ''નાં જ અપાય છે. ઈશાવાસ્યમમાં કહેવાયું છે કે માણસ પાસે કાર્ય કરવા માટે ઓછામાં ઓછા સો વર્ષ તો હોવા જોઈએ... દોસ્તો, જન્મ, મરણ ને પરણ (લગ્ન) તો ઈશ્વરાધિન છે. મળેલી ક્ષણોને ઉત્તમોત્તમ રીતે જીવી જવાની મથામણ જાગ્રતજન કરતો હોય છે... આજનો વ્યક્તિ સર્વ વાતે સુખી છે જે અગાઉના વર્ષોમાં જેની કલ્પના કરતાં તે આજે સામાન્ય જન સક્ષાત ભોગવી રહ્યો છે... અડાબીડ ભોગોની વચ્ચે આજનો માણસ રમમાણ છે. ક્યાંક વધું પડતી પ્રવૃત્તિશીલતા છે તો ક્યાંક સાવ નવરાધૂપપણું મ્હાલતું જોવા મળે છે. "workoholic" લોકો ફુરસદમાં તણાવ અનુભવે છે ને નવરા લોકો થોડું વધારે કામ આવી જાય તો કંટાળી જાય છે... જીવનમાં ક્યાંય 'બેલેન્સ' નથી... દેખાદેખીથી જીવન જીવી જવાની કુટેવ આપણને પડી છે.. આપણે આપણી આગવી ઓળખ ઉભી કરવાનું ભૂલી ગયા છીએ... અરે, દિવસ પૂરો કાર્ય પછી પથારીમાં પડીએ ત્યારે પણ કદી મનન ચિંતન કરીએ છીએ ખરા?

જે મનન ચિંતન કરે છે તે જ માણસ... આ અર્થમાં બેધડકપણે આપણે આપણી જાતને ''માણસ'' કહી શકીશું ખરા?! બસ, પેલી વાર્તા જેવું... ''એક હતો રાજા ને એક હતી રાણી... ખાધું પીધું ને રાજ કર્યું....'' આ જ આપણી જીવન કહાણી.

એક પરદેશી કવિએ નાનકડું કાવ્ય રચ્યું છે...

''તારી ઘડિયાળ મને કહ્યા કરે છે કેઆપણનેપ્રેમ કરવાની પણ ફુરસદ નથી.''

જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાયો છે. વસ્તાવમાં આપણા જીવનમાં ચોથો ભાગ જ ભોગ જીવન ને ત્રણ ભાગ એ ભાવજીવન છે. ખારું પૂછો તો માત્ર ભોગજીવનને વધુ પડતું મહત્વ આપવામાં આપણું ભાવજીવન ખલાસ થયું છે. આજે પ્રત્યેક સુખ - શાંતિની તલાશમાં છે. 'સુખ' એ સ્થૂળની પ્રાપ્તિમાં રહેલું છે જયારે 'શાંતિ' એ માનસિક 'સૂક્ષ્મ' અનુભૂતિ છે. એટ અલે જ આપણે ''સુખ-શાંતિ'' એમ બોલીએ છીએ. વધુ પડતી ભોગાકાંક્ષા એ ભાવજીવન કરમાવી દીધું છે. પરિણામે ''પોતાના કામમાં આવે તેનું જ મૂલ્ય'' કામમાં ન આવે તે સઘળું નકામું... હોગનો એનેસ્થેસિયા એવો તો લાગ્યો છે કે તેની સંવેદનશીલતા ખલાસ થઈ ગઈ છે. આજનો માણસ બહુરૂપી તો બન્યો છે પણ સાથે સાથે બેડોળ બન્યો છે. તે એકલો જીવી શકતો નથી કે સમૂહમાં ભળી શકતો નથી. એવું કહેવાય છે કે કમાવાની લ્હાયમાં જીવવાનું ભૂલી ગયો છે! ચોગરદમ માણસગીરીનો અભાવ જગતને પીડી રહ્યો છે. માણસોથી ખદબદતી આ દુનિયામાં સાવ એકાકીપણું મહેસૂસ કરી રહેલા લોકો રજાના દિવસે હોટેલમાં, થીયેટરમાં કે પ્રવાસના બહાને ફાજલ સમયને ભરવાનું આશ્વાસન ભલે લેતા હોય પણ હું તો એને જાત છેતરામણી જ ગણું છું. આમ તો કઈ રીલેક્સ થોડું થવાય.... હાશકારો અનુભવતાં પણ આવડવો જોઈએ. પોતાની જાત જોડે થોડોક સમય રહેવાનું શીખો.... પોતાનો આગવો શોખ કેળવો.. સમય પાસે સ્થિતિ પણ છે ને ગતિ પણ છે. કેટલાકને સમય અતિ ત્વરાથી પસાર થતો લાગે ને કેટલાકને સમય થંભેળો લાગે.... પ્રિયજનના સાનિધ્યમાં કે નવા પરણેલા યુગલની રાત એટલી જલદી વીતે છે કે એમ ઈચ્છે કે સવાર થાય જ નહિ... આપણા કવિ હરીન્દ્ર દવેના ગીતમાં આવે છે તેમઃ

''રૂપલે મઢી છે સારી રાત રે સજન એનું ઢુંકડું ન હોજો પ્રભાત
સુરજને કોઈ ઓલી મેર રોકી રાખો હજી આદરી અધૂરી મારી વાત.''

મિત્રો, જન્મથી મૃત્યુ સુધીની મળતી ક્ષણોને ઉત્તરોત્તર ભરપેટ માણી લેવાની ઉત્કટતા કેળવવી એ જાગ્રત માનવીનું લક્ષણ છે... સરી જવું એ સમયનો સ્વભાવ છે. આ સરકતા સમયને ઉત્તમ કાર્યથી શાશ્વત બનાવીએ... મહાપુરુષોએ મળેલા જીવનને એકી શ્વાસે જીવી નાંખ્યું છે. તેથી કાળ પણ તેમને હંફાવી શક્યો નથી!

**સ્પર્શમણિ :**

દરેક સવારે તમારી જાતને આ પાંચ વાક્યો કહો અને ચમત્કારનો મહેસૂસ કરો...

**1. I AM THE BEST** હું શ્રેષ્ઠ છું.
**2. I CAN DO IT** હું તે કરી શકું છું.
**3. GOD IS ALWAYS WITH ME** ભગવાન હંમેશા મારી સાથે છે.
**4. I M THE WINNER** હું વિજેતા છું.
**5. TODAY IS MY NEW DAY** આજે મારો નવો દિવસ છે.

rasikvaland1965@gmail.com